| PUBLICATION NAME : | Prabhat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 31/3/2022 |
| PAGE : | 7 |

# એમએસએમઈની વૃદ્ધિને વેગ મળ્યો; તેમને મજબૂત કરવાની જરૂર : નારાયણ રાણે

અમદાવાદ, તા.૩૦

કેન્દ્રીય એમએસએમઈ મંત્રી શ્રી નારાયણ રાણેએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (એમએસએમઈ) અને આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા આયોજિત એમએસએમઈની સ્પર્ધાત્મકતા અને વૃદ્ધિ પર બેપ્રદિવસીય મેગા સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના (એમઓએસ) કેન્દ્રીય એમએસએમઈ મંત્રી શ્રી ભાનુપ્રતાપ સિંહ વર્મા પણ ઉપસ્થિત હતાં. આ બેપ્રદિવસીય સમિટમાં એમએસએમઈ ક્ષેત્રમાં વૃદ્ધિ, પડકારો અને તકો પર ચર્ચા સત્રો અને પેનલ ચર્ચા જોવા મળશે તથા ભારત, સિંગાપોર, પેરુ, રવાન્ડા, મ્યાન્માર, રશિયા, ઉઝબેકિસ્તાન, સ્પેન અને ઈરાનમાંથી વક્તાઓ અને નિષ્ણાતો સમિટમાં તેમના અનુભવો વહેંચશે. આ સમિટમાં દુનિયાભરના ઉદ્યોગસાહસિકો, શિક્ષાવિદો, નીતિઘડવૈયાઓ, ઉદ્યોગના આગેવાનો, વિચારશીલ નેતાઓ, બિઝનેસ ચેમ્બર્સ, ઔદ્યોગિક સંગઠનો, સ્ટાર્ટઅપ્સ, સામજિક પ્રભાવ સંસ્થાઓ, એમએસએમઈ અને સ્વયંસહાય જૂથો પણ સામેલ થઈ રહ્યાં છે.

શ્રી રાણેએ દેશની જીડીપીમાં એમએસએમઈના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "અત્યારે લાંબા સમયથી એમએસએમઈ લઘુતમ સંસાધનો સાથે કામ કરે છે અને છતાં દેશની જીડીપીમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. એટલે આ જરૂરી છે કે, આ વૃદ્ધિ પ્રેરકબળો મજબૂત થાય અને ઉપયોગી બને. આ દિશામાં ક્ષેત્રને મજબૂત કરવા મહત્વપૂર્ણ સહિયારા પ્રાયસો થયા છે. સરકારની વિવિધ યોજનાઓ એમએસએમઈ માટે નવા વિકલ્પો ઊભા કરવા કામ કરી રહી છે." તેમણે ઉમેર્યું હતું કે, "સરકારે સુનિશ્ચિત કર્યું છે કે, એમએસએમઈ ક્ષેત્રને નાણાકીય સંસ્થાઓ પાસેથી સતત ધિરાણ મળે, વિકાસ અને આધુનિકીકરણ માટે ટેકનોલોજી સપોર્ટ મળે, નિકાસ બજારોની સુલભતા પ્રાપ્ત થાય, માળખાગત સુવિધા મળે, તાલીમ અને ક્ષમતા નિર્માણ સુવિધા મળે તથા કર્મચારીઓનું કલ્યાણ સુનિશ્ચિત થાય."

શ્રી ભાનુપ્રતાપ સિંહ વર્માએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે, "ઉદ્યોગસાહસિકતા, સ્ટાર્ટ-અપ્સ, ઈનોવેશન અને એમએસએમઈ પર પોતાના ધ્યાન સાથે ભારત રસપ્રદ આર્થિક નિર્ણયો અને વ્યૂહરચનાઓને પગલે લાભદાયક સમયમાં છે. આ આર્થિક વૃદ્ધિ એમએસએમઈના વિકાસનો અને એને ચેતનવંતા કરવાનો પુરાવો છે, ખાસ કરીને મહામારીની બીજી સૌથી ગંભીર લહેર પછી. મારું માનવું છે કે, એમએસએમઈ ક્ષેત્રમાં વૃદ્ધિ વ્યવહારિક છે અને સમગ્ર દેશણાં ઘણી રીતે ઊડીને આંખે વળગે છે એવું જાહેર કરવું ઉચિત રહેશે. હું આની પાછળ મુખ્ય કારણ જાહેર નીતિમાં પ્રગતિશીલ પરિવર્તનોને માનું છું."

આ પ્રસંગે આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "ઈડીઆઈઆઈ ક્લસ્ટર ડેવલપમેન્ટ, તાલીમ અને ક્ષમતાનિર્માણ, સંશોધન અને નીતિગત હિમાયત અંતર્ગત ચાલતા કેટલાંક મહત્વપૂર્ણ કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સ પર એમએસએમઈ મંત્રાલય સાથે ગાઢ જોડાણ ધરાવે છે. અમે કાળજીપૂર્વક બનાવેલી વ્યૂહરચનાઓ સાથે એમએસએમઈ ક્ષેત્રને કામગીરીને હજુ વધારવા આતુર છીએ."